सत्यमेव जयते
Government of Gujarat

Azadi Ka Amrit Mahotsav

# Office of Dean,
# Government Medical College,
Majuragate ,Surat.

Azadi Ka Amrit Mahotsav

Website :www.gmcsurat.edu.in, E-Mail: dean.health.surat@gmail.com, Fax No.: 0261-2241025, Phone No.: 0261-2244175.


ક્રમાંક:સતમસુ/હિસાબી/ /૨૦૨૩ તા.૨૭/૧૨/૨૦૨૩
૩૪૯૦૨-૪૪

**ખુબજ અગત્યનું : -**

**પરિપત્ર:-**

અત્રેની સંસ્થા ખાતે ફરજ બજાવતાં તમામ અધિકારી/કર્મચારીને જણાવવામાં આવે છે કે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન જે અધિકારી/કર્મચારીઓની આવક આવકવેરાને પાત્ર થતી હોય, તેવાં અધિકારી/કર્મચારીઓએ બચત/રોકાણની વિગતો આ સાથે સામેલ ઇન્કમ ટેક્ષ ફોર્મ સાથે મોડામાં મોડી તા. ૦૫/૦૧/૨૦૨૪ સુધીમાં અત્રેની સંસ્થાના હિસાબી શાખામાં અચૂક મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

જે અધિકારી/કર્મચારીઓનાં ઇન્કમ ટેક્ષ ફોર્મ અને બચત/રોકાણ કર્યા અંગેની જરૂરી પુરાવા જણાવેલ સમય દરમ્યાન મળશે નહી, તો તેવા અધિકારી/કર્મચારીઓએ બચત/રોકાણ કરેલ નથી, તેમ માની લઇ કપાત કરવા પાત્ર આવકવેરો માહે-ફેબ્રુઆરી-૨૦૨૪નાં પગાર માંથી કપાત કરી લેવામાં આવશે.

**Self-assessment statement (Income Tax form)** માં દર્શાવ્યાં મુજબની બચત/રોકાણ અચૂકપણે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન રજુ કરવાનું રહેશે. જો તેમ કરવામાં જે-તે અધિકારી/કર્મચારી કસુર કરશે તો ઇન્કમ ટેક્ષ કપાત અંગેની જવાબદારી અત્રેની સંસ્થાની રહેશે નહી.

વધુમાં જણાવવામાં આવે છે કે, કેટલાંક અધિકારી/કર્મચારી બચત/રોકાણ કરશે તેમ જણાવે છે, ત્યાર બાદ આવું રોકાણ કરવામાં આવતું નથી, જેને કારણે કપાત કરવાપાત્ર થતા આવકવેરાની કપાત નહિ થવાથી આવકવેરા વિભાગ તરફથી કારણદર્શક નોટીસ આપવામાં આવતી હોય છે, તેમજ સંસ્થા નામે ઇન્કમ ટેક્ષ ઓછા ભરાયા અંગેની ડિમાન્ડ ઉભી થતી હોય છે. માટે જે-તે અધિકારી/કર્મચારીઓએ બચત/રોકાણનાં પુરાવાં મોડામાં મોડા તા ૧૫/૦૧/૨૦૨૪ સુધીમાં અત્રેની સંસ્થાની હિસાબી શાખામાં રૂબરૂમાં આવી જમા કરવાનાં રહેશે. **જો ફોર્મ જમા કરાવવામાં નહીં આવશે તેવા અધિકારી / કર્મચારીઓનો માહે ફેબ્રુઆરી—૨૦૨૪ થી પગાર આકારવામાં આવશે નહીં Income Tax ની કપાત થશે નહીં તે અંગેની જવાબદારી જે તે અધિકારી / કર્મચારીની રહેશે.**

વધુમાં તમામ અધિકારી/કર્મચારીઓને જણાવવામાં આવે છે કે, માસિક પગારમાંથી કપાત કરવામાં આવતી GPF /CPF ની રકમ ૧૨ માસની ગણતરી કરતા GPF માં Rs. 5,00,000/- થી વધુ અને CPF માં Rs. 2,50,000/- થી વધુ રકમ જમા થશે જે રકમ Taxable ગણાશે.

જે-તે અધિકારી/કર્મચારીઓએ પાનકાર્ડની ક્ષેરોક્ષ નકલ પત્રક **Income Tax form** સાથે સામેલ કરવાની રહેશે. જે અધિકારી/કર્મચારીઓએ પાનકાર્ડ સામેલ ન કરેલ હશે, તેઓને ફોર્મ-૧૬ આપવામાં આવશે નહી. જેની સર્વે અધિકારી/કર્મચારીઓએ નોંધ લેવી.

Income Tax Form તથા Employee દ્વારા P.F. માં યોગદાન કરવા બાબતે Income Tax દ્વારા નક્કી થયેલ નિયમો સંસ્થાની વેબ સાઈટપર મુકવામાં આવેલ છે. જ્યાથી Download https://start [Government Medical College Surat] (gmcsurat.edu.in) કરી હાર્ડ કોપીમાં જણાવેલ સમય મર્યાદામાં અત્રેની હિસાબી શાખામાં રજુ કરવાનું રહેશે. સમય મર્યાદાબાદ આવેલ Income Tax Form ના Tax બાબતની તમામ જવાબદારી જે તે અધિકારી / કર્મચારીઓની રહેશે.

ઉપરોક્ત પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

ડીન
સરકારી તબીબી મહાવિદ્યાલય
સુરત.

**નકલ રવાના :-**

- પ્રાધ્યાપક અને વડાશ્રી, તમામ વિભાગ સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપના વિભાગમાં ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.
- શાખા ઇન્ચાર્જશ્રી, તમામ શાખા સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપની શાખામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.
- વોર્ડનશ્રી, તમામ હોસ્ટેલ, સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપની શાખામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.

## New Provision for Contribution to Provident Fund A/C by Employee

### Employee દ્વારા P.F માં યોગદાન કરવા બાબતે I.T ના નીચે મુજબના નિયમો ધ્યાન મા લેવા

૧. આ નિયમો નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી લાગુ પડશે .

૨. નીચે જણાવેલાં P.F A/C મા જે યોગદાન હોય તેના પરનું વ્યાજ કલમ ૧૦(૧૧)/૧૦(૧૨) માં Tax ફ્રી રહેશે જો Employee દ્વારા મહત્તમ વર્ષ દરમ્યાન રૂ. ૨.૫ લાખ થી વધુ યોગદાન ન હોવું જોઈએ ( જો Employer પણ આ P.F A/C માં પોતાનું યોગદાન આપતો હોય )

a. P.F A/C કે જેને P.F Act 1925 લાગુ પડતું હોય અથવા તો બીજુ કોઈ પણ P.F A/C કે જે કેન્દ્ર સરકાર દ્વારા official gazattee માં Notify થયેલ હોય

b. અન્ય કોઈ P.F A/C કે જેને I.T Act ના 4th Schedule ના Part A પ્રમાણે માન્યતા મળેલ હોય.

૩. જો Employer દ્વારા Employee ના Provident Fund Account માં કોઈ યોગદાન ન થતું હોય તો તેવા કિસ્સામાં ઉપર જણાવેલ 2.5 Lakh ની જગ્યા એ 5 Lakh ની Limit લાગુ પડશે. એટલે કે જે Provident Fund Account માં Employer કોઈ યોગદાન ન કરતુ હોય પરંતુ ફક્ત employee જ યોગદાન કરતું હોય તેવા કીસ્સામાં જો વાર્ષિક યોગદાન 5 Lakh સુધી હોય તો તેના પરનું વ્યાજ Tax ફ્રી ગણાશે.

૪. જો Employee નુ યોગદાન વાર્ષિક રૂ. 2.5 Lakh / 5 Lakh જે લાગુ પડતું હોય તેનાથી વધુ હશે તો આ વધારાના યોગદાન પરનું વ્યાજ Taxable ગણાશે <u>આવું Taxable વ્યાજ પગાર પર TDS કાપવા માટેની ગણતરી માં ધ્યાન મા લેવાનું રહેશે.</u>

૫. હવેથી P.F વિભાગ દ્વારા બે અલગ ખાતા રાખવામાં આવશે ૧ કે જે માં 2.5 Lakh અથવા તો 5 Lakh થી વધારે યોગદાન ન હોય તેવું ખાતું અને (૨) કે જેમાં 2.5 Lakh કે 5 Lakh થી વધારે વાર્ષિક યોગદાન હોય



Note:-
This information is for private circulation only for our clients.